ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, મોરબીના મકાન બાંધકામ માટે રૂ.૫૬૨.૦૦ લાખની સુધારેલી વહીવટી મંજૂરી બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0076/G Section
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૩/૦૮/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0076/G

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0076/G

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૪/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૪/૮૩૦-૮૩૩

**આમુખ:**

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલ સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં થયેલ વધારો તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજ્યના તમામ જિલ્લા મથકે જિલ્લા કક્ષાના ડૉ.આંબેડકર ભવન બાંધવાનું નક્કી થયેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી રૂ.૩૪૬.૦૫/- લાખના અંદાજોને ધ્યાને લઈને રૂ.૧૫૧.૦૦/- લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૪ના ઠરાવથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, જિ.મોરબીના બાંધકામ માટે મંજૂર થયેલ કુલ ખર્ચ રૂ.૩૪૬.૦૫/- લાખના અંદાજો તેમજ પ્રોટેક્શન વોલના ખર્ચ માટે રૂ.૩૭.૯૫/- લાખ એમ કુલ રૂ.૩૮૪.૦૦/- લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૪/૦૩/૨૦૨૪ના પત્રથી સદર ભવન માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અદ્યતન S.O.R. મુજબ G.S.T. ભાવો સહિતના કુલ રૂ.૫૬૨.૦૦/- લાખના અંદાજોને ધ્યાને લઈને સુધારેલી વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, જિ.મોરબીના બાંધકામ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના S.O.R. પ્રમાણે તેમજ ૧૮% G.S.T. ભાવો સહિત કૂલ રૂ.૫૬૨.૦૦/- લાખનો ખર્ચ કરવાની આથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. ઉક્ત વહીવટી મંજૂરી વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવની શરતોને આધિન આપવામાં આવે છે. ઉક્ત કામ માટે નિયામકશ્રી(અ.જા.ક.) દ્વારા ચાલુ અને આગામી નાણાકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Aug-2024 (11:58 AM)

O/C
03/08/2024

સા.ન્યા. અને અ. વિ.
રવાના કર્યું
તારીખ : 03/08/2024
નંબર........................
સહી........................

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં – ૯૫ આયોજન, મુખ્ય સદર – ૪૨૨૫ – અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર –૦૧ SCW-૩૩ ડૉ.આંબેડકર ભવનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ– ફાઈલ પર નાણાવિભાગની તા.૨૨/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Aug-2024 (11:58 AM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.મોરબી
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪.